## સપ્તાહની તસવીર



‘સન્નારી’ના મુખપૃષ્ઠ પર પ્રકાશિત થયેલી તસવીર USAનાં દિયા તમાકુવાળાની છે. એ એરિઝોના સ્ટેટ યુનિવર્સિટીની ઓનર્સ સ્ટુડન્ટ છે અને બિઝનેસ લોમાં બેચલર અને ગ્લોબલ મેનેજમેન્ટમાં માસ્ટર કરે છે. એને ટ્રાવેલિંગ, રીડિંગ અને ક્રિયેટીવ રાઈટીંગમાં આનંદ આવે છે.

અમેરિકામાં રહેતાં દિયા તમાકુવાળાને ગુજરાતી લખતાં- વાંચતાં ખાસ આવડતું નથી. તેમનાં દાદી તેમની સાથે રહેવા અમેરિકા ગયાં. તેઓ ‘ગુજરાતમિત્ર’ અને તેની પૂર્તિઓના ચાહક હોવાથી દિયા દરરોજ તેમને વાંચવા માટે ‘ગુજરાતમિત્ર’ અને તેની પૂર્તિઓનાં પ્રિન્ટ લઈ જતાં. તેમની સાથે વાંચતાં વાંચતાં તેઓ ‘ગુજરાતમિત્ર’ અને તેની પૂર્તિઓથી એટલાં પ્રભાવિત થઈ ગયાં. દિયા કહે છે કે ‘સન્નારી’ આર્ટિકલ્સ દરેક ઉંમરની મહિલાઓ માટે પ્રેરણારૂપ હોય છે અને મારા જેવા યુવાનોને સીમા પાર કરી ઊડવા માટે પ્રોત્સાહન આપે છે.

તેમણે ‘સન્નારી’ને એક પત્ર અને સ્વરચિત એક કૃતિ મોકલી છે જે અહીં પ્રસ્તુત કરી છે.



Dear Sannari Editor,

My name is Diya Tamakuwala and I have become a big fan of your work ever since my grandmother moved in with us. Every day, I print Gujaratmitra and all its special supplements for her to read. For my grandmother, ‘Gujaratmitra’ is a window to the world.

My Gujarati is not very strong yet, but I'm learning every day with her help. Your writing inspires women of all ages and motivates young girls like me to break boundaries and soar.

I wish you all the very best and sincerely thank you for your dedication to empowering women through your work. I have included one of my early creations, “Oh, I Love Being a Woman,” along with my photographs, and would be honored if you consider publishing it as a cover girl feature.

I truly enjoy writing women-centered thoughts and would be grateful for an opportunity to contribute to your incredible and widely loved weekly supplement, Sannari.

With best regards,
Diya Tamakuwala
Phoenix, Arizona, USA




### Oh, I Love Being a Woman!

The sunshine kisses our face,
Touched with dignity and with grace.
Everything bejeweled in pink and cream,
Everyone wants to live the dream.
A camera roll of memories and pictures,
A silly collection of unused stickers.
Lip gloss applied and bows in our hair,
Laughing with our girlfriends without a care.
God has a special way to remind me,
That life's beautiful composition was made for us women.

Diya Tamakuwala

## પ્રિય સન્નારી

કેમ છો?

૨૦૨૬નું નવું વર્ષ શરૂ થઈ ગયું છે. નવું વર્ષ, નવો સૂરજ, નવાં ધ્યેય, નવી આશાઓ, નવી જિંદગી અને થોડાં નવાં પરિવર્તનો... તમને થશે આ વખતે પરિવર્તનની વાત શા માટે? પણ હા... પરિવર્તન જેમ સંસારનો નિયમ છે તેમ આપણો, આપણી વિચારસરણીનો પણ નિયમ હોવો જોઈએ. જેમ જેમ આદિમાનવ આ દુનિયામાં ટકી રહેવા પોતાનામાં પરિવર્તન લાવતો ગયો, તેમ તેમ તેનામાં આવડત પણ વધતી ગઈ અને તે ટકી શક્યો! અને જેમણે પરિવર્તનનો સ્વીકાર ન કર્યો તેઓ આ દુનિયામાં ટકી ન શક્યા....



ચાલો જરા ખૂલીને વાત કરીએ. થોડા સમયથી ન્યૂઝમાં અને સોશ્યલ મીડિયામાં તમને કિંજલ દવે અને તેના આંતરજ્ઞાતીય સગપણ વિષે ઘણું સાંભળવા મળ્યું હશે. કિંજલ દવેએ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં તે બદલ તેમના સમાજે કિંજલ અને તેમના પરિવારનો સામાજિક બહિષ્કાર કર્યો છે. આમ કરવા પાછળનું મુખ્ય કારણ એ કે કિંજલની જેમ સમાજની અન્ય કોઈ છોકરી આવું પગલું ના ભરે અને જો તે તેમ કરે છે તો સામાજિક બહિષ્કાર થશે એવો દાખલો બેસાડવાનો છે. આ તો થઈ વાત કિંજલ દવેની કે જેઓ પ્રસિદ્ધ ગાયિકા છે, સફળ છે અને એટલે જ આપણને મીડિયા દ્વારા તેમના સામાજિક બહિષ્કાર વિષેના સમાચાર મળ્યા પરંતુ શું કિંજલ એ પહેલી જ છોકરી છે જેણે આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં હોય? શું આ જ સમાજની કે અન્ય કોઈ પણ સમાજની છોકરીઓએ ક્યારેય પણ આંતરજ્ઞાતીય લગ્ન કર્યાં જ નથી? ચોક્કસ કર્યાં છે. એવાં કેટલાંય છોકરા-છોકરીઓ મળશે કે જેમણે પરિવાર અને સમાજ વિરુદ્ધ જઈને લગ્ન કર્યાં હોય છે અને સમાજે અને ક્યારેક તો તેમના પોતાના જ પરિવારે તેમની સામે આકરાં પગલાં લીધાં હોય છે. ક્યારેક તેમનો સામાજિક બહિષ્કાર થાય છે તો ક્યારેક ‘ઓનર કિલિંગ’ના નામે મારી નાખવામાં આવે છે.

અહીં સવાલ એ નથી કે કિંજલ દવે કે કોઈ અન્ય પુખ્ત વયની વ્યક્તિએ આંતરજ્ઞાતીય લગ્ન કરવા જોઈએ કે નહિ પરંતુ સવાલ એ છે કે ૨૦૨૬માં પણ આપણે કઈ સદીમાં જીવી રહ્યા છીએ? દરેક પુખ્ત વયની વ્યક્તિને જેમ પોતાની કારકિર્દી પસંદ કરવાનો, પોતાના નિર્ણય જાતે લેવાનો, મત આપવાનો અધિકાર હોય છે તેમ શું પોતાનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર નથી? આ સમયે આપણે યાદ કરવું જોઈએ કે ‘સ્વયંવર’ ની પ્રથા ભારતની સંસ્કૃતિમાં વણાયેલી છે. સ્ત્રી હોય કે પુરુષ, દરેક વ્યક્તિને પોતાનો જીવનસાથી પસંદ કરવાનો અધિકાર હોવો જ જોઈએ. ક્યારેક સમાજ કે પરિવાર દલીલ કરે છે કે તે વ્યક્તિમાં લાંબી બુદ્ધિ નથી કે તે નાદાન છે એટલે લગ્ન ક્યાં કરવા તેનો તે એકલો નિર્ણય ન લઇ શકે. એ વાત સાચી છે કે લગ્ન પારિવારિક સંમતિથી કરવા જોઈએ પણ અહીં એ સવાલ થાય કે જો તે વ્યક્તિમાં લાંબી બુદ્ધિ ના હોય કે તે નાદાન હોય તો પછી તે વ્યક્તિ લગ્ન કરવા માટે પણ યોગ્ય નથી. લગ્ન કરવા માટે પૂરી સમજણ અને પરિપક્વતા હોવી જરૂરી છે અને જો એ ના હોય તો તે વ્યક્તિના લગ્ન કરાવવા જ ન જોઈએ. અહીં એક તો સવાલ તે વ્યક્તિની પુખ્તતા પર ઉઠાવીએ છીએ અને બીજો માતા -પિતાની પરવરિશ પર ઉઠાવીએ છીએ.

માતા-પિતાની પરવરિશ જ બાળકોને શું યોગ્ય છે કે અયોગ્ય છે તે નિર્ણય લેવામાં મદદરૂપ થાય છે અને તેના આધારે જ તે વ્યક્તિ પોતાના જીવનસાથીની પસંદગી કરતી હોય છે. એટલે જીવનસાથીની પસંદગીમાં સમાજ દખલગીરી કરે એના કરતાં લગ્નની વય નક્કી કરવા પર અને પરવરિશ પર ધ્યાન આપવું જોઈએ. રહી વાત આંતરજ્ઞાતીય લગ્નની તો આપણે બાળકોને પાંખો આપીએ છીએ, તેના થકી ઊડતા શીખવાડીએ છીએ અને વિવેકબુદ્ધિ આપીએ છીએ જેથી તેમણે કઈ દિશામાં જવું તેનો નિર્ણય જાતે લઇ શકે. તો ત્યારે, તેમને મરજી મુજબ ઊડવા દેવા જોઈએ. અલબત્ત પેરન્ટ્સે સંતાનને સાચી દિશા બતાવવી જોઈએ. એના નિર્ણયના પ્લસ- માઈનસ સમજાવવા, ભવિષ્યમાં એનાં શું પરિણામ આવી શકે એની સમજ ચોક્કસ જ આપવી જોઈએ. માતાપિતા પોતાનો અભિપ્રાય આપી શકે પરંતુ અંતિમ નિર્ણય તો સંતાનનો જ હોવો જોઈએ. આ જમાનામાં જબરજસ્તી કરવી યોગ્ય નથી. ક્યારેક એનું પરિણામ અણધાર્યું પણ આવી શકે છે.

આજે છોકરીઓ સમાજનું જ નહિ, સમગ્ર દેશનું ગૌરવ બની રહી છે. ત્યારે તેમને સામાજિક બંધનોમાં બાંધી રાખવી એમાં આપણી પછાત માનસિકતા છતી થાય છે. થોડાં સપ્તાહ પહેલાં જ આપણે સ્ત્રીઓની સિદ્ધિઓ વિષે વાત કરેલી અને ત્યારે આપણને ગર્વની અનુભૂતિ થઇ હતી પરંતુ આજે જયારે આંતરજ્ઞાતીય લગ્ન સામે આકરાં પગલાં લેવાની વાત સાંભળવા મળે છે ત્યારે નવાઈ લાગે છે કે હજી પણ એક પુખ્ત વયની વ્યક્તિને અને તેમાં ખાસ કરીને સ્ત્રીને પોતાની મરજી મુજબ જીવનસાથી પસંદ કરવાનો અધિકાર નથી. આપણે સૌ જયારે ૨૦૨૫ને પાછળ મૂકીને ૨૦૨૬માં આગળ વધી રહ્યા છીએ તો થોડી આપણી જુનવાણી વિચારસરણીને પણ પાછળ મૂકી દઈએ. દરેકનો સહર્ષ સ્વીકાર કરીએ. જેમ આદિમાનવ પોતાનામાં પરિવર્તન લાવ્યો હતો તેમ આપણે પણ આપણી વિચારસરણીમાં, સામાજિક રિવાજોમાં થોડાં સારાં પરિવર્તન લાવીએ ત્યારે જ આપણી સાચા અર્થમાં પ્રગતિ થશે.

- સંપાદક